## પ્રવચન નં. ૧૮ ગાથા - ૪ તા. ૨૬-૬-૧૯૭૮ સોમવાર જેઠ વદ-૬ સં. ૨૫૦૪

" સર્વ પરદ્રવ્યોથી ભિન્ન એક ચૈતન્ય ચમત્કાર માત્ર " ભાવાર્થની છેલ્લી ચાર લીટી. કરી કરીને સાર બધો વાંચે, સાંભળે પણ, કરવાનું શું ? એનો સરવાળો શું ? પરદ્રવ્યોથી ભિન્ન એક ચૈતન્ય ચમત્કારસ્વરૂપ તે પણ પોતાનો આત્મા, એને ( પોતાનો ) કરવાનો એ " પોતાના આત્માની કથાનું જ્ઞાન પોતાને તો પોતાથી કદી થયું નથી. " કરવાનું હતું જે આ, એ તો જ્ઞાન કદી થયું નથી. " અને જેમને એ જ્ઞાન થયું હતું તેની સેવા તો કદી કરી નહિં. " એટલે એમની આજ્ઞા જે છે વીતરાગભાવની સ્વઆશ્રય લેવાની એ કર્યું નથી. એથી સેવા કરી નથી એમ કહેવામાં આવે છે. આહાહા ! કારણકે અનંત જ્ઞાનીઓનો કહેવાનો સાર તો આ છે. ચૈતન્યસ્વરૂપ ચમત્કારી પદાર્થ પ્રભુ ! એનો અનુભવ કરવો, એની દૃષ્ટિ કરીને એનો અનુભવ કરવો. એ એમનો કહેવાનો સાર અને આજ્ઞા છે. તે આજ્ઞા પ્રમાણે કર્યું નહિં ને સેવા કરી નહિં એમ, સેવા બીજી શું સેવા હતી. આહાહા !

" તેથી તેની કથા ન કદી સાંભળી. આહાહા ! ન તેનો પરિચય કર્યો, કે ન તેનો અનુભવ થયો, માટે તેની પ્રાપ્તિ સુલભ નથી. " ( દુર્લભ છે. ) પાઠ તો આ છે. પછી અર્થ કર્યો સુલભ નથી એટલે દુર્લભ છે એમ, બાકી બધું સુલભ છે, આહાહા ! પણ આ એક સુલભ નથી, દુર્લભ છે. બહારના બધા ( વિષયો ) સુલભ છે અનંતવાર મળ્યાં, વાણી યે અનંતવાર મળી, પૈસા ય અનંતવાર મળ્યા, દેવ દર્શન અનંતવાર થયા, સમોસરણમાં અનંતવાર ગયો, એ કાંઈ દુર્લભ નથી. આહાહા ! સુલભ નથી તો એક આ, ચૈતન્ય ચમત્કારી વસ્તુ જે અંદર છું, ભલે શરીર પ્રમાણે એનું કદ હો, અને બાહ્યમાં ભલે પુણ્ય ને પાપના વિકલ્પવાળી દશા દેખાય, પણ વસ્તુ તો એનાથી ભિન્ન છે. આહાહા ! એ પુણ્યને પાપના વિકલ્પો રાગ એનાથી પણ ભિન્ન એ સારા ( સર્વ ) શાસ્ત્રોને અને જ્ઞાનીઓને કહેવાનું તો એ છે, એનો અનુભવ કર. એનાથી તારા જનમ મરણનો અંત આવશે. આહાહા !

હવે આચાર્ય કહે છે, છે ને માથે " અત અવૈતદુપદર્શ્યતે " અત એવ એતદ્ એવ ઉપદર્શ્યતે તેથી જ જીવોને તે ભિન્ન આત્માનું એકત્વ અમે દર્શાવીએ છીએ. " ભગવાન આત્મા રાગથી ભિન્ન અને સ્વરૂપથી અભિન્ન એવી ચીજ દર્શાવીએ છીએ કારણકે સાંભળીને કરવાનું તો એ છે. તો એ અમે દેખાડીશું. ( હવે ) પાંચમી ગાથા.

આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરવા જનાર જીવ પહેલા શુદ્ધનયથી હું એક છું, શુદ્ધ છું, પરદ્રવ્ય પ્રત્યેની મમતા રહિત છું, જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ વસ્તુ છું– એવો નિશ્ચય કરે છે. આ નિશ્ચયમાં પાંચ ઇન્દ્રિયના વિકલ્પોથી ખસ્યો છે ને મનના વિકલ્પમાં આવ્યો છે પણ એ મનના વિકલ્પોને પણ છોડવા આવ્યો છે. તે આગળ વધતા મન સંબંધી વિકલ્પોને જલદી વમી નાખીને નિર્વિકલ્પ થાય છે. ૪૮૫. ( પરમાગમસારમાંથી )

## ગાથા - ૫

अत एवैतदुपदर्श्यते-

तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।
जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।

तमेकत्वविभक्तं दर्शयेऽहमात्मनः स्वविभवेन।
यदि दर्शयेयं प्रमाणं स्खलेयं छलं न गृहीतव्यम्।।५।।

इह किल सकलोद्भासिस्यात्पदमुद्रितशब्दब्रह्मोपासनजन्मा, समस्तविपक्षक्षोदक्षमातिनिस्तुषयुक्त्यवलम्बनजन्मा, निर्मलविज्ञानघनान्तर्निमग्नपरापरगुरुप्रसादीकृतशुद्धात्मतत्त्वानुशासनजन्मा, अनवरतस्यन्दिसुन्दरानन्दमुद्रितामन्दसंविदात्मकस्वसंवेदनजन्मा च यः कश्चनापि ममात्मनः स्वो विभवस्तेन समस्तेनाप्ययं तमेकत्वविभक्तमात्मानं दर्शयेऽहमिति बद्धव्यवसायोऽस्मि। किन्तु यदि दर्शयेयं तदा स्वयमेव स्वानुभवप्रत्यक्षेण परीक्ष्य प्रमाणीकर्तव्यम्। यदि तु स्खलेयं तदा तु न छलग्रहणजागरूकैर्भवितव्यम्।

---

હવે આચાર્ય કહે છે કે, તેથી જ જીવોને તે ભિન્ન આત્માનું એકત્વ અમે દર્શાવીએ છીએઃ-

**દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.**

ગાથાર્થઃ- [ तम् ] તે [ एकत्वविभक्त ] એકત્વવિભક્ત આત્માને [ अहं ] હું [ आत्मनः ] આત્માના [ स्वविभवेन ] નિજ વૈભવ વડે [ दर्शये ] દેખાડું છું; [ यदि ] જો હું [ दर्शयेयं ] દેખાડું તો [ प्रमाणं ] પ્રમાણ (સ્વીકાર) કરવું અને [ स्खलेयं ] જો કોઈ ઠેકાણે ચૂકી જાઉં તો [ छलं ] છળ [ न ] ન [ गृहीतव्यम् ] ગ્રહણ કરવું.

ટીકાઃ- આચાર્ય કહે છે કે જે કાંઈ મારા આત્માનો નિજવૈભવ છે તે સર્વથી હું આ એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ એવો મેં વ્યવસાય (ઉદ્યમ, નિર્ણય) કર્યો છે. કેવો છે મારા આત્માનો નિજવિભવ ? આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર અને 'स्यात्' પદની મુદ્રાવાળો જે શબ્દબ્રહ્મ-અર્હંતનાં પરમાગમ-તેની ઉપાસનાથી જેનો જન્મ છે. ('स्यात्' નો અર્થ 'કથંચિત્' છે એટલે કે 'કોઈ પ્રકારથી કહેવું'. પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યાં તેનું કારણઃ અર્હંતનાં પરમાગમમાં સામાન્ય ધર્મો-વચનગોચર સર્વ ધર્મો-નાં નામ આવે છે; અને વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવવામાં આવે છે; એ રીતે તે સર્વ વસ્તુઓનાં પ્રકાશક છે માટે સર્વવ્યાપી કહેવામાં આવે છે, અને તેથી તેમને શબ્દબ્રહ્મ કહે છે.) વળી તે નિજવિભવ કેવો છે ? સમસ્ત જે વિપક્ષ-અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ સર્વથા એકાંતરૂપ નયપક્ષ-તેમના

**નિરાકરણમાં સમર્થ જે અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ તેના અવલંબનથી જેનો જન્મ છે. વળી તે કેવો છે ? નિર્મળવિજ્ઞાનઘન જે આત્મા તેમાં અંતર્નિમગ્ન પરમગુરુ-સર્વજ્ઞદેવ અને અપરગુરુ-ગણધરાદિકથી માંડીને અમારા ગુરુ પર્યંત, તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ જે શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ, તેનાથી જેનો જન્મ છે. વળી તે કેવો છે ? નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેનાથી જેનો જન્મ છે. એમ જે જે પ્રકારે મારા જ્ઞાનનો વિભવ છે તે સમસ્ત વિભવથી દર્શાવું છું. જો દર્શાવું તો સ્વયમેવ ( પોતે જ ) પોતાના અનુભવ-પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું; જો ક્યાંય અક્ષર, માત્રા, અલંકાર, યુક્તિ આદિ પ્રકરણોમાં ચૂકી જાઉં તો છલ ( દોષ ) ગ્રહણ કરવામાં સાવધાન ન થવું, શાસ્ત્રસમુદ્રનાં પ્રકરણ બહુ છે માટે અહીં સ્વસંવેદનરૂપ અર્થ પ્રધાન છે; તેથી અર્થની પરીક્ષા કરવી.**

**ભાવાર્થઃ- આચાર્ય આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરાપર ગુરુનો ઉપદેશ અને સ્વસંવેદન-એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનના વિભવથી એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે. તેને સાંભળનારા હે શ્રોતાઓ ! પોતાના સ્વસંવેદન-પ્રત્યક્ષથી પ્રમાણ કરો; ક્યાંય કોઈ પ્રકરણમાં ભૂલું તો એટલો દોષ ગ્રહણ ન કરવો એમ કહ્યું છે. અહીં પોતાનો અનુભવ પ્રધાન છે; તેનાથી શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય કરો-એમ કહેવાનો આશય છે.**

## પ્રવચન નં. ૧૮ ગાથા - ૫ તા. ૨૬-૬-૧૯૭૮

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।**

**દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.**

ગાથાર્થઃ– ‘ **तम्** ’ શબ્દ છે ને પહેલો તમ્, તે એકત્વવિભક્ત આત્માને, રાગથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન, એવું જે એનું સ્વરૂપ છે એને હું, અહમ્. આહાહા ! ભગવાને કહ્યું છે માટે હું તને દેખાડું છું એમેય નહિ. આહાહા ! હું પોતે કહીશ. આહાહા ! હું આત્માના નિજ વૈભવ વડે દેખાડું. આહાહાહા ! મારો નિજ વૈભવ, જગતનો વૈભવ આ ધૂળને બહારની સામગ્રી બધો વૈભવ, મારો નિજ વૈભવ અતીન્દ્રિય આનંદનો અનુભવ, અતીન્દ્રિય જ્ઞાનની દશાનું ભાન, અતીન્દ્રિય વીર્યની પ્રગટ દશા. અનંત અનંત દર્શનની અંશે પ્રગટ દશા, એવો જે મારો નિજ વૈભવ એમાં એમ ન કહ્યું કે પુણ્ય મારો નિજ વૈભવ, શુભભાવ મારો નિજ વૈભવ.

કહીશ એમાં વિકલ્પ ઉઠશે, એ વિકલ્પ મારો વૈભવ નહીં. આહાહા ! આત્માના નિજ વૈભવ વડે, “ સ્વવિભવેન ” દેખાડું, દેખાડું છું. આહાહાહા ! શું આચાર્યની શૈલી, દેખાડું છું. પણ હું તો છદ્મસ્થ છું એટલે દેખાડું છું. અને એમાં જો દેખાડયું, આહાહાહા ! દેખાડું છું, જો હું દેખાડું,

આહાહા ! દેખાડવાની વાણી આવી ગઈ અને દેખાડું એમાં તો. આહાહાહા ! પ્રમાણ કરવું હોં. આહાહાહા ! સ્વીકાર કરવો હોં. એકલો હા પાડીને નહિ, એકલી વાતને ધારીને નહિ, આહાહાહા ! પણ અનુભવથી પ્રમાણ કરજે. આહાહાહા !

દેખાડું છું અને દેખાડું તો, આહાહાહા ! દેખાડવાનો ભાવ આવ્યો છે, પણ દેખાડવાનું શરૂ થાય કે કેમ, આહાહા ! હું જો દેખાડું તો આવું નિમિત્ત છે તો તારું ઉપાદાન પણ પ્રમાણ કરે એવું હોવું જોઈએ. આહાહા ! આવી ક્યાં છે વાત તો જુઓ ! વીતરાગી સંતો. વીતરાગી અરિહંતો ગુરુ ને વીતરાગી શાસ્ત્રોને જેણે કબૂલ્યા છે માન્યા છે. આહાહા ! એ ઉપરાંત જેણે આત્માનો વીતરાગી અનુભવ કર્યો છે. કહેશે હજી, સ્વીકાર કરવું. જે રીતે હું કહીશ એ રીતે વસ્તુ છે કે નહીં એમ તું તારા, અનુભવથી, આ પ્રમાણે કરજે હોં. આહાહાહા ! જેમ હું કહેવા માગું છું કે રાગથી પ્રભુ ભિન્ન છે અને પોતાની પૂર્ણ સંપદાથી તે અભિન્ન છે, એમ દેખાડું તો એ અમારું દેખાડવું નિષ્ફળ ન જાય. આહાહાહા ! તો પ્રમાણ કરજે એવા જીવને માટે કહું છું એમ કહે છે. આહાહા ! પ્રભુ આમ નજર નાખજે ત્યાં હોં. જે હું બતાવું છું કે રાગથી ભિન્ન અને સ્વરૂપ સંપદાથી એકત્વ તો એ દેખાડું તો એની હા પાડજે, કઈ રીતે ? જે રીતે છે એમ કહું છું એ તને ભાસે છે કે નહિં ? તારા ભાવમાં ભાસે છે કે નહિં, ભાસે ત્યારે સ્વીકાર કરજે. આહાહા ! સમયસાર ! આહાહા ! ભરત ક્ષેત્રનો સર્વોત્કૃષ્ટ બાદશાહ પ્રવચનનો છે. આહાહા ! એમ કહેવા માગે છે કે ભાગ્યશાળી તું કે જ્યાં આવી વાણી તને કાને પડશે. એથી હવે તું તારો પુરૂષાર્થ કરીને જે રીતે હું કહેવા માગું છું તે જાણીને હા પાડજે, આહાહાહા ! એ ભાવનું ભાસન થઈને પ્રમાણ કરજે. આવી વાતું છે. આહાહાહા !

પ્રભુ આત્મા આમ રાગથી ( ને ) વિકલ્પથી ભિન્ન, વીતરાગી સંતો ને વીતરાગી દેવ, એ વીતરાગ ભાવ પ્રગટ કરવાની જ વાત કરે છે. અને તે વીતરાગ ભાવ પ્રગટ કરવાની વાત કરે છે, એ વીતરાગી સ્વરૂપ છે તેમાં દૃષ્ટિ કરાવવા અનુભવ કરાવવા, એ વાત કરે છે. ( સ્વીકારીશ ) ત્યારે એ વીતરાગી પર્યાય પ્રગટ થશે. આહાહા ! હું કહું છું તે પ્રમાણે વસ્તુ છે કે નહીં, એમ તારા અનુભવથી પ્રમાણ કરજે. આહાહાહા ! એકલી હા પાડીને ધારણામાં રાખીને ઊભો ન રહીશ. આહાહાહાહા ! જુઓ તો ખરા પુરૂષાર્થની એકલી ( વાત ).

ભગવાન અંદર આનંદનો નાથ, પરમાત્મા તારા સમીપમાં બિરાજે છે ને પ્રભુ ! આહાહા ! એની તો હું વાત કરું છું, છે એની તો હું વાત કરું છું. આહાહા ! અને છે એ તને સંભળાવું છું અને તું સાંભળવા આવ્યો છો. આહાહા ! તો છે એને તું પ્રાપ્ત કરજે. આહાહાહા ! અસ્તિત્વ એનું જેટલું ને જેવડું છે, એ રીતે અનુભવથી તને એના અસ્તિત્વનું પ્રમાણ કરજે અનુભવથી, આહાહા ! ગજબ વાત છે ! ! આ સાર શાસ્ત્ર કહેવાય. આહાહા ! ઓલા તો કહે અમને તમે માનજો, અમને દેવ ગુરુ શાસ્ત્ર ને માનજો તો તમને સમકિત થાશે. આહાહા ! આ તો કહે તું અમે કહીએ છીએ, એ તું તારા અનુભવથી કબૂલ કરીને માનજે, અમને માનજે એમ નહિં. આહાહા ! જ્ઞાન સ્વરૂપી પ્રભુ, ચૈતન્યચમત્કારી, ચિંતામણિ રતન " પ્રભુ તું છે ને, " ચૈતન્ય ચમત્કારી ચિંતામણિ, આહાહા ! મહા રતન પ્રભુ, હું તને બતાવું છું ને ? આહાહા ! તો તું જોઈ લેજે, કે આ છે કે નહિં આવો ? આહાહા !

જુઓ આ સિદ્ધાંતના કથનો ને આ વાણી જુઓ આ ! ઓલા કહે કે અરિહંત મહા દેવો, ગુરુ હું, માનો એ સમકિત છે. એ વીતરાગની વાણી નહીં. આહાહા ! એ વીતરાગી સંતોની વાણી નહીં. આહાહાહા ! અણઅભ્યાસે ( માર્ગ ) ઝીણો લાગે ! વસ્તુ તો છે, છે એને પ્રાપ્ત કરવી છે ને ? ન હોય અને પ્રાપ્ત કરવી હોય તો તો, હેં ? છતી ચીજ ભગવાન અંદર બિરાજે છે ને ! આહાહા ! કલ્પવૃક્ષ, ચિંતામણિ, કામધેનુ એવો એ ભગવાન પોતે જ છે. આહા ! એનો અંદરમાં તને જઈને અનુભવ કરીને એને અનુસરીને થઈને ' હા ' પાડજે. આહાહાહાહા !

ઓલું વાણી માટે નથી આવતું ! અનુભવશીલી એનો અર્થ કર્યો છે ને કળશટીકાકારે બહુ સરસ, સર્વજ્ઞને અનુસરીને નીકળેલી વાણી, અનુભવશીલીની વ્યાખ્યા આ. આહાહા ! કળશની પહેલી ટીકાનો, રાજમલ્લ ટીકામાં છે. પ્રભુ સર્વજ્ઞ સ્વરૂપી છે. આહાહાહા ! અને જેને સર્વજ્ઞપણું પ્રગટયું છે, એને અનુસરીને વાણી નીકળી છે ઉપાદાનમાં પોતાથી, પણ એના નિમિત્તપણામાં સર્વજ્ઞપણું છે. આહાહા ! એથી અનુભવશીલી એ વાણીને કહીએ છીએ. એટલે ? સર્વજ્ઞપણું પ્રગટયું છે એને અનુસારે વાણી નીકળશે, આહાહા ! વાણી તો ઉપાદાનથી નીકળશે, પણ એ વાણીની ઉપાદાનતા જ એવી છે, જેવું સર્વજ્ઞપણું છે તેને અનુસારે વાણીનો પર્યાય પણ પરિણમશે. આહાહાહાહા ! અહીં કહે છે કે હું દેખાડું ભાષાથી. આહાહા ! છે તો દેખાડવાની ભાષા મારા સ્વભાવના વૈભવને અનુસરીને થતી. આહાહાહા ! અહીં તો દેખાડીશ એમ કીધું, હેં ? વાણીથી દેખાડીશ, દેખાડાય, વાણી દ્વારા દેખાડાય બીજો તો કોઈ ઉપાય નથી પણ એ વાણી નિજ વૈભવને અનુસરીને, નિમિત્તરૂપે વાણી આવશે. આહાહા ! તો તું પણ તારો સ્વભાવ છે તેને અનુસરીને, અનુભવ કરીને પ્રમાણ કરજે, આહાહા ! સમજાણું કાંઈ ? આવી વાતું છે.

સ્વીકાર કરવો અને " જો કોઈ ઠેકાણે ચૂકી જાઉં. " અનુભવમાં ચૂકી જાઉં એમ નહિં. પણ વાણીમાં જો કોઈ સંસ્કૃત વ્યાકરણ વિભક્તિ કોઈ ફેર પડી જાય વાણીમાં, વસ્તુમાં ફેર નહિં પડે. આહાહાહા ! વસ્તુમાં તો જેવું છે તેવું જ આવશે. આહા ! પણ વાણીની અંદરમાં કોઈ વિભક્તિ, કાળ, ભૂતકાળનો વર્તમાન બોલાઈ જાય ને એવો કોઈ શબ્દ તને ( જણાય ) એવું જ્ઞાન હોય, તને એ જાતનો ખ્યાલ હોય, તેથી તને ખ્યાલમાં આવે કે આ ઠેકાણે, પણ તું ત્યાં ન રોકાઈશ. એ વાણીમાં કોઈ ફેર હોય અને તને જ્ઞાન હોય તો તું ત્યાં ન રોકાઈશ. આહાહાહા !

અમે અંતરમાં ચૈતન્ય ભગવાન, અનંત ગુણનો હિરલો પ્રભુ એમાં જવાને માટે હું દેખાડીશ તો ત્યાં જજે હોં પ્રભુ. આહાહાહા ! પંચમ આરાના મુનિ અને પંચમ આરાના શ્રોતાને આવી વાત કરે છે. આહાહા ! જેમાં સર્વજ્ઞના વિરહ છે, છતાં આટલા જોરથી એ વાત કરે છે કે અમારા શ્રોતા આવા હોય હોં. આહાહા ! પ્રવીણભાઈ ! આહાહા ! જેવા નિજ વૈભવથી વાણી આવશે, એવો જ તું નિજ વૈભવનો અનુભવ ( કરજે ! ) આહાહાહા ! તારો વૈભવ તો અંતર છે અમારો વૈભવ તો પર્યાય પ્રગટ થઈ એને કહીએ છીએ. પણ તારો વૈભવ જે અંદર પૂરણ છે પૂરણ સંપદા અતીંદ્રિય આનંદ આનંદ આનંદ આનંદ આનંદ અતીંદ્રિય આનંદનું ઢીમ જામ્યું છે ને ત્યાં. આહાહા ! જેમાં શુભ વિકલ્પનો પણ ( ધ્રુવમાં ) પ્રવેશનો અવકાશ નથી, અરે એના અનુભવની પર્યાય થાય એનો પણ ધ્રુવ ઘનમાં પેસવાનો અવકાશ નથી. આહાહા !

આ તો સિદ્ધાંત છે ભાઈ, વીતરાગની વાણી એ વીતરાગની વાણીનો પાર નથી પ્રભુ ! એની ગંભીરતા, એની ઊંડપ, આહાહા ! સાધારણ માણસ ( તો ) પાર પામી શકે નહીં એવી તો એકેક ગાથાનો એવો ભાવ છે.

ઓહોહોહો ! એક ગાથાએ ન્યાલ કરી નાખે, આહાહા ! પ્રભુ સબ અવસર આ ગયા હૈ, આહાહા ! મોક્ષમાર્ગ પ્રકાશકને એમ કહેવું પડયું ' સબ અવસર આ ગયા, ' અહીં તો સબ અવસર આ ગયા એમેય નહિં, તું થા જ આ. પંડિતજી ? આહાહાહા ! પ્રભુ તું બધું ભૂલી જા. અને ભગવાનને ભૂલી ગયો છો તું એને યાદ કર હવે. આહાહા ! સુરેન્દ્રજી ? આવી વાતું છે. આહાહા ! તેં ભૂલવા જેવી ચીજને બહુ યાદ કરી છે પ્રભુ. આહાહા ! ભૂલવા જેવી ચીજને ઘણી યાદ કરી છે, બહુ યાદ કરી છે બાપા, અને ભૂલવા જેવો નહિ ભગવાન છે એને ભૂલીને ભૂલી ગયો આખો. એને કોઈ દિ ' યાદ જ કર્યો નહિં તેં તો આ ટાણું આવ્યું છે ને તને વાત કરું છું ને પ્રભુ તને. તને વાણી દ્વારા ઇશારા કરીને, આહા ! એ તારો નાથ અંદર રાગનો અમારા તરફની ભક્તિનો વિકલ્પ છે, સાંભળવાનો તારો વિકલ્પ છે, આહાહા ! એનાથી પ્રભુ અંદર ભિન્ન છે. આહાહા ! આવો ઉપદેશ છે. કે જે ઉપદેશને પામીને અનુભવથી પ્રમાણ જ કરે એવો ઉપદેશ છે. આહાહા !

ભગવાન અત્યારે ન હોય કેવળી પર્યાયવાળા એને તું યાદ ન કર હવે, આહાહા ! આહાહા ! તારા ભગવાનમાં તો અનંતી કેવળજ્ઞાનની પર્યાય પડી છે. આહાહા ! ભગવાનનો વિરહ છે એને પણ ભૂલી જા. આહાહા ! વર્તમાન કેવળજ્ઞાનની પર્યાયનો વિરહ છે એ પણ ભૂલી જા. ભગવાન આખો અંદર છે. આહાહા ! અને અમારે દેખાડવો છે ઈ, આહાહા ! એને અનુભવજે. બાકી શાસ્ત્રના તો કથનમાં અનેક અપેક્ષાઓ હોય વાણીમાં, એમાં કોઈ સંસ્કૃત ધાતુ વ્યાકરણ આદિમાં કાંઈ ફેર પડે તો એનું કાંઈ અમારે વજન નથી અહીં અમારે, અહીં તો વજન અંતરનો અનુભવ કરવો અને કરાવવો એ છે.

ચૂકી જાઉં તો શું ? અનુભવમાં ચૂકી જાઉં એ નહિં, વસ્તુની સ્થિતિ છે તેમાં ચૂકી જાઉં તો ધ્યાન રાખજે એમ નહિં. આહાહા ! વસ્તુ તો જે રીતે છે તે રીતે જ કહેવાશે. એમાં કોઈ ઊણું અધિક વિપરીત કાંઈ છે જ નહીં. આહાહા ! પણ વાણીમાં કોઈ ફેરફાર, વાણી પર ચીજ છે. આહાહા ! એમાં કોઈ શબ્દોની શૈલીની કથનીમાં વ્યાકરણ આદિના નિયમોમાં ફેર હોય, વસ્તુમાં ફેર નહિં, વાણી પણ વસ્તુને બતાવશે એમાં ફેર નહિં, આહાહા ! વાણી જ એવી છે કહે છે. પણ એમાં વ્યાકરણના નિયમ ઘણાં હોય છે એવા નિયમમાં કયાંય ફેર પડી જાય તો તું તેનો જાણનાર હો ત્યાં તને કોઈ ખ્યાલમાં આવે કે અહીં ( કાંઈ ફેર છે ) તો ત્યાં ઊભો નો રહીશ ત્યાં ખ્યાલ ન કરીશ. અમે જે કહેવા માગીએ છીએ ત્યાં જાને પ્રભુ. આહાહા ! ગજબ ગાથાઓ છે. પહેલી બાર તો પીઠિકા છે ને ? આ ઓટલો, ઓટલો મોટો, પછી ઝાડ ફાલે ફૂલે ! મૂળ સામાન્ય વાત પૂરી પૂરી અખંડ આમાં બાર ગાથામાં આવી જાય છે. આહાહા !

હવે ટીકાઃ- આચાર્ય કહે છે, આચાર્ય કહે છે. લ્યો, એક કોર એમ કહે કે આત્મા વાણી કરી શકે નહિં, પણ નિમિત્ત-નિમિત્ત સંબંધે આચાર્ય કહે છે એમ આવે ને ? આહાહા ! આચાર્ય કહે છે, કે જે કાંઈ મારા, જે કાંઈ મારા જે કાંઈ એટલે જેટલો છે એટલો, પૂરણ છે એ એમ કાંઈ હું

કહેતો નથી. પૂરણ વૈભવ તો પરમાત્માને છે. આહાહા. જે કાંઈ, આહાહા ! 'ઇહ કિલ ' છે ને ? મારા આત્માનો નિજ વૈભવ છે. મારા આત્માનો નિજ વૈભવ પર્યાયમાં છે. આહાહા ! શુદ્ધ ચૈતન્ય પરમાત્મા તેનું સમ્યગ્દર્શન, તેનું જ્ઞાન ને તેની રમણતા અને તેના આનંદના સ્વાદની દશાનો જે મારો વૈભવ છે. આહાહા ! જુઓ આ વૈભવ આત્માનો. રાગ ને દયા–દાનનો વિકલ્પ પણ આત્માનો વૈભવ નહિં, તો વળી આ ધૂળ પાંચ–પચીસ લાખ બહારથી આવે ને એ મોટા ઘર વખરા કરે ને, આહાહા ! આ મારો વૈભવ, આ અમારું ફરનીચર ને મારો વૈભવ જુઓ. મોઢા આગળ બે હાથી બેસાડયા છે ને ? આ દેરાસરમાં નથી કરતા ? અહીં પાલીતાણે રાખ્યા છે ને મોટા હાથી ને આમ, આહાહા ! આ ભગવાનનો વૈભવ આ. આહાહા !

અહીંયા તો પ્રભુ ભગવાનનો ( નિજાત્માનો ) વૈભવ તો જે કાંઈ મને પ્રગટયો છે એટલાથી હું કહીશ. પૂરણ પરમાત્માને થયો છે. ( અરિહંતોને ) વૈભવ પૂરણ પ્રગટયો છે. એ અમને પ્રતીતમાં છે. એમની વાણીમાં જે આવ્યું છે એ પણ અમને પ્રતીતમાં છે. પણ એ વ્યવહાર પ્રતીતમાં છે, આહાહા ! નિજ વૈભવની પ્રતીતિ તો જેટલો ઊઘડેલો છે, એટલો નિજ વૈભવ છે, છે એમ કહ્યું છે ને ? આહાહા ! જે કાંઈ મારા આત્માનો નિજ વૈભવ છે, આ પર્યાયની વાત છે હોં, દ્રવ્યગુણની વાત નથી આ, પ્રગટેલી વૈભવ દશાની વાત છે. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર, અને અતીન્દ્રિય આનંદનો અનુભવ એ જીવની પર્યાયનો– અવસ્થાનો નિજ વૈભવ છે. આહાહાહાહા !

તે વૈભવ છે, મારા આત્માનો નિજ વૈભવ છે. પ્રભુના ( સીમંધર પ્રભુના ) આત્માનો વૈભવ છે એ વાતનું મારે અત્યારે કામ નથી. આહાહા ! એ મારા વ્યવહાર પ્રતીતમાં છે, પણ આ મારો નાથ અંદર પ્રભુ, ( નિજાત્મા ) આહાહા ! ચૈતન્ય રત્નાકરથી ભરેલો એનો જે પર્યાયમાં વૈભવ છે, સંપદા, અમારી સંપદા આ છે. આહાહા ! મારી લક્ષ્મી આ છે. એ પૂરણ સ્વરૂપની પ્રતીતિ, નિર્વિકલ્પ, પૂરણ સ્વરૂપનું જ્ઞાન ને પૂરણ સ્વરૂપમાં રમણતા વિગેરે. અનંતગુણની વ્યક્ત અવસ્થા વર્તમાન એ મારો નિજ વૈભવ પર્યાયનો છે. આહાહા ! આ વાત તો ગંભીર છે બાપુ ! સમયસાર એ શું છે ! ! આહાહા ! ગજબ કામ કર્યું છે, એકેક શબ્દમાં પાછળ એનું વાચ્ય, કેટલું જોરદારપણું છે. આહાહા !

તે, વૈભવ છે તે, છે ને ? ' તમ્ ' છે ને પહેલું ? તે એકત્વવિભક્ત આત્માને અને છેલ્લે કહેશે પાછળથી કહ્યું. આહાહા ! તે જ સર્વથા, તે સર્વથી, તે સર્વથી. આહાહા ! મારો નિજ વૈભવ જેટલો પ્રગટયો છે ને ! એના સર્વથી, આહાહા ! જેટલો વૈભવ આનંદ ને આદિ દર્શન જ્ઞાન ચારિત્ર આદિ જેટલો વૈભવ છે એ સર્વથી હું કહીશ. આહાહા ! શું શબ્દો, અમૃત ઝર્યા છે. આહાહા ! જગતના ભાગ્ય આ સમયસાર રહી ગયું. ભેટણું આપ્યું છે. તું તને ભેટ તો તને આ ભેટણું અમે તને આપીએ છીએ. છેલ્લે શબ્દ છે, જયસેનાચાર્યમાં ( એમની ટીકામાં ) આહાહા ! વસ્તુ– વસ્તુ આ.

તે વૈભવથી, તે સર્વથી. આહાહા ! જેટલું મને જ્ઞાન પ્રગટયું, સમકિત પ્રગટયું, આનંદ આવ્યો, શાંતિ વીતરાગતાની ચારિત્રની એ સર્વથી, આહાહા ! એનો અર્થ એ કે વાણીમાં ક્યાંય ઓછપ અને ખામી નહિં આવે. મારા વૈભવના સર્વથી હું કહીશ. આહાહા ! પણ પ્રભુ, વૈભવથી કહેશો એમાં આવે છે તો વિકલ્પ, કેવું છે એમ બતાવવું છે, એ છે તો વિકલ્પ પણ એ વિકલ્પનું લક્ષ નથી અહીં અમારું, વિકલ્પથી સર્વથી આ કહીશ એમ નથી અહીંયા. આહાહા ! મારો વૈભવ જે

આનંદ ને જ્ઞાન જે આ શાંતિ, અનંત ગુણની વ્યક્તતા જેટલી પ્રગટી છે, તે સર્વથી હું કહીશ. આહાહા ! તે સર્વથી હું, આહાહા ! ' આ ' એકત્વ–વિભક્ત ' આ ' પ્રત્યક્ષ આત્મા એકત્વ પોતાના સ્વરૂપમાં એકત્વ છે અને રાગથી વિભક્ત નામ પૃથક છે, અસ્તિ નાસ્તિ કરી. આહાહા !

મારું અસ્તિત્વ પૂરણ એકત્વ છે, અને પૂરણ પરનું જેમાં વિભક્ત નામ અભાવ છે. આહાહા ! " એવો જે એકત્વ–વિભક્ત આત્મા " આહાહા ! આ એકત્વ વિભક્ત આત્માને ( બતાવીશ ), છ દ્રવ્યને દર્શાવીશ ને ભગવાન આવા છે એમ દર્શાવીશને તમને, એમ કાંઈ ન લીધું. આહાહા ! પ્રયોજનભૂત મૂળ ચીજ છે તે હું દર્શાવીશ. આહાહા ! અને એમાં બધું આવી જશે. " એકત્વ–વિભક્ત આત્માને દર્શાવીશ " બસ, છ દ્રવ્ય ને છ દ્રવ્યના અનંત ગુણો અને બીજા પર્યાયો ને બીજા સિદ્ધો ને બીજા અરિહંતો ને એનું અહીં કામ નથી. હું તો મારા નિજ વૈભવથી સર્વથી આત્માને બતાવીશ. આહાહા !

આ... આ... અસ્તિપણું બતાવે છે. કેવું ? એકત્વ–વિભક્ત, એવો જે આત્મા એને દર્શાવીશ, આત્માને દર્શાવીશ, અરિહંત કેવા છે ને ગુરુ કેવા છે, એ નહિં. આહાહા ! શાસ્ત્રના લક્ષણ કેવા છે ને શું એ બધુંય આ છે. આહાહા ! એકત્વ વિભક્ત આ... એને હું દર્શાવીશ. " એવો મેં વ્યવસાય ઉદ્યમ નિર્ણય કર્યો છે. " આહાહા ! એવો નિર્ણય કર્યો છે. આહા ! આ આત્માને એકત્વ વિભક્તને નિજ વૈભવથી દેખાડીશ એવો મેં નિર્ણય કર્યો છે. હવે દેખાડવાનું ચાલે તો ધ્યાન રાખજે હવે. આહાહા ! આ તો સહેજે વાણી નીકળી છે ટીકાની, કુંદકુંદાચાર્યના શ્લોકમાં તો ગંભીરતા છે, એ અમૃતચંદ્રાચાર્યે ખોલી, એના પેટ ખોલીને વાત કરી. આહાહા !

એવો મેં વ્યવસાય ઉદ્યમ નિર્ણય કર્યો છે. આહાહા ! મારા જ્ઞાનમાં મેં નિર્ણય આવો કર્યો છે. કે હું મારા નિજ વૈભવથી આ આત્મા જે એકત્વ–વિભક્ત છે તેને દેખાડીશ એવો વ્યવસાય, નિશ્ચય કર્યો છે. એવો વ્યવસાય નિશ્ચય કર્યો છે. આહાહા !

હવે નિજ વૈભવ કેવો છે, એ વાત કરે છે. નિજ વૈભવથી કહીશ પણ એ નિજ વૈભવ કેવો છે હવે પર્યાયનો હોં. ? આહાહા ! " કેવો છે મારા આત્માનો નિજ વૈભવ " " કેવો છે મારા આત્માનો નિજ વૈભવ " ? આહાહા !

" આ લોકમાં ", લોક સિદ્ધ કર્યો. લોકંતિ ઈતિ લોક જેમાં છ દ્રવ્ય જણાય એવો જે લોક છે " એમાં પ્રગટ, સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર " આહાહા ! વાણી, વાણી, ભગવાનની વાણી આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો, પ્રગટ સમસ્ત વસ્તુઓનો, જેટલી ચીજો છે તેટલી બધીને પ્રકાશ કરનાર, આહાહા ! અને " સ્યાત્ " પદની મુદ્રાવાળો ", અપેક્ષિત, કહેવું હોય તેવા છાપવાળો, ' કથંચિત્ ' કહેવાની અપેક્ષા છે, નિત્ય અનિત્ય વિગેરે શુદ્ધ અશુદ્ધ એવી સ્યાત્ પદની મુદ્રાવાળો કથંચિત્ કહેવાના છાપવાળો જે શબ્દ બ્રહ્મ, આહાહાહા ! એવો જે શબ્દ બ્રહ્મ, ભગવાનની વાણી શબ્દ બ્રહ્મ, આહાહા ! અર્હંતના પરમાગમ એવો શબ્દબ્રહ્મ એટલે શું ? કે અર્હંતના પરમાગમ, ભગવાનના કહેલા પરમાગમ. આહાહાહા ! અરિહંતના શ્રીમુખે ઓમ્ ધ્વનિ નીકળી ને જે પરમાગમ રચાણા, આહાહા ! " એવો જે શબ્દ બ્રહ્મ અર્હંતનો પરમાગમ તેની ઉપાસનાથી જેનો જન્મ. " આહાહાહા !

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા, આહાહા ! અર્હંતનું પરમાગમ, એનું જે પરમાગમ, શબ્દ

બ્રહ્મ પણ સર્વજ્ઞથી કહેલા શબ્દબ્રહ્મ, અરિહંતના સાક્ષાત્ પરમાત્માનો કહેલો શબ્દબ્રહ્મ. આહાહાહાહા ! એમ કહીને કલ્પિત કોઈ શાસ્ત્ર ભગવાનના નામે ચડાવી દીધા છે, એની ઉપાસનાથી આત્મા નહિં પ્રગટે. આહાહા ! નિમિત્તપણે પણ એ નહિં હોય એમ કહે છે. આહાહા ! ત્રણ લોકના નાથ અર્હંત પરમાત્માની જે વાણી શબ્દબ્રહ્મ, આહાહા ! તેની ઉપાસના. એ પરમાગમની મેં સેવા કરી એટલે એમણે જે કહ્યું તે મેં જાણ્યું. પરમાગમે કહ્યું તે મેં જાણ્યું. આહાહા ! એમ કહીને સર્વજ્ઞની વાણી સિવાય, બીજી કલ્પનાથી કરેલા શાસ્ત્રોનો નિષેધ કરી દીધો. આહાહા ! સમજાણું કાંઈ ?

મારો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો વૈભવ, એ વીતરાગના સર્વજ્ઞ પરમેશ્વરની દિવ્યધ્વનિ એવા જે પરમાગમ, એના લક્ષથી એટલે એની સેવાથી, એ કહ્યું તે મેં માન્યું જાણ્યું. આહાહા ! એવી વાણી અર્હંતના મુખેથી નીકળી. એ સિવાયની કોઈ વાણી એના નિમિત્તમાં પણ સમકિતમાં આવે નહીં. સમજાણું કાંઈ ? ચેતનજી ? ઘણું ભર્યું છે આમાં. આહાહા ! હવે આનાથી થાય ને આનાથી થાય, ને આનાથી થાય, નિમિત્ત જ જ્યાં ખોટાં છે. આહાહા ! એક તો અરિહંત સર્વજ્ઞને ઓળખવા અને એની વાણી કેવી હોય એને ઓળખવી. આહાહાહા ! અને એ વાણીની સેવાથી, એમણે જે કહ્યું તેની ઉપાસનાથી, આહાહા ! એ નિમિત્તથી કથન છે. નિમિત્ત આવું હોય એમ બતાવે છે, નિમિત્તથી થતું નથી, આહાહા ! પણ હોય નિમિત્ત આવું, બીજાું નિમિત્ત હોય અને અંદર નિજ વૈભવ પ્રગટે, એમ નહિં. આહાહા ! આહા ! ગંભીર વાણી અમૃત રેડયા છે એકલા, અમૃતચંદ્ર આચાર્યે અમૃતના દરિયા વહેવરાવ્યા છે. આહાહા !

એની ઉપાસનાથી મારી ઉત્પત્તિ છે “ જન્મ છે ” આ તો પર્યાયની વાત છે ને ! મારી પર્યાયની ઉત્પત્તિ અર્હંતના શબ્દબ્રહ્મની સેવાથી ઉત્પત્તિ છે, નિમિત્ત એ જ છે. આહાહા ! અજ્ઞાનીના વચનો, સર્વજ્ઞને નામે ચઢાવી દીધેલા એ વચનો, એનું નિમિત્ત પણ સમ્યગ્ નિજ વૈભવમાં હોય નહિં. સમજાણું કાંઈ ? આકરું કામ જગતથી. આનું નામ અર્હંતના પરમાગમ, આ ય પરમાગમ છે ને આ ? આ મકાનનું નામ પરમાગમ છે, અરિહંતની વાણીમાંથી આવેલી આ બધી વાતું છે. આહાહા ! એમ કે જાુઓ વાણીની સેવાથી વૈભવ પ્રગટયો જુઓ આવ્યું કે નહિં આમાં ? બાપુ ! એ નિમિત્તના કથન છે. નિમિત્ત કેવું હોય, આહાહા ! સર્વજ્ઞ અરિહંત ત્રિલોકનાથની ઓમ્ ધ્વનિમાંથી રચાયેલા આગમો, એ વખતે કારણકે પોતે તો ભગવાન નહોતા એ તો ગયા ત્યાં પછી, પણ અરિંહતના પરમાગમ જે, વર્તતા હતા કહેલાં, એ મારા અંતર અનુભવમાં એ વાણી નિમિત્ત થઈ છે. બીજાું કોઈ નિમિત્ત હોઈ શકે નહિં એમ સિદ્ધ કરે છે. આહાહા !

અહીં તો એ કહે છે અરિહંત સર્વજ્ઞની વાણી સિવાય કલ્પિત શાસ્ત્રો બનાવ્યા અને અરિહંતનું નામ આપ્યું હોય અરિહંતનાં, એ નિજ વૈભવમાં નિમિત્ત ન થાય. અતડા થાય એવું છે બાપુ આ તો. વસ્તુની સ્થિતિ જ એવી છે ત્યાં શું ? આહાહા ! ભલે ! પાંચમો આરો હોય, અને તે પણ હજી તો બે હજાર વર્ષ ગયા છે, હજી તો ઘણો મોટો કાળ ( બાકી ) છે. આ તો શરૂઆત છે પાંચમા આરાની, આહાહા ! છતાં ભાવ તો એ જ છે છેક સુધી એ જ જાતનો રહેશે. પાંચમા આરાના છેડા સુધી જે સમ્યગ્દર્શન આદિ પામશે, તે આ વીતરાગની વાણી તેને નિમિત્ત થશે. એ સર્વજ્ઞ વીતરાગ સિવાયની વાણી, એ નિમિત્તથી સમકિત નહિં થાય એને. આહાહા ! આકરી

વાતું છે બાપુ. આહાહા !

શ્રીમદ્‌માં એક શ્રાવક રત્નકરંડાચારનો એક લેખ આવે છે છેલ્લો શ્રીમદ્‌માં છેલ્લો કે દેવ કેવા હોય અરિહંત ? અષ્ટાદોષ રહિત. અઢાર દોષ રહિત, એવો ચોખ્ખો પાઠ આવે છે. છેલ્લો, છે ને પાઠ છે ! ક્ષુધા તૃષા રહિત હોય, ક્ષુધા તૃષા રહિત હોય એ દેવ, “ અહીં તો હજી અરિહંતને ભૂખ લાગે, ને આહાર લે, ને એને રોગ થાય અને દવા લે. ( એવી ખોટી પ્રરૂપણા )

અહીં તો એની ઉપાસના એનું વજન છે, ત્રિલોકનાથ, બનારસીદાસમાં આવે છે ને ! નમો કેવળ, નમો કેવળરૂપ ભગવાન, મુખ ઓમકાર ધ્વનિ સૂની, અર્થ ગણધર વિચારે, રચી પરમાગમ ભવિક જીવ સંશય નિવારે. આહાહા ! કહો, ધીરુભાઈ ? આ બધું ઊડી જાય એવું છે બધું તમારું બધું. આહાહા ! આવો માર્ગ છે બાપુ. પક્ષપાત છોડીને વાત કરે તો સમજાય એવું છે બાપુ ! આ તો સત્ય જેવું છે એનું ઉદ્‌ઘાટન છે, એની પ્રસિદ્ધિ છે. કોઈ વ્યકિત માટે નથી, કોઈ જીવ માટે નથી, અરે, એ પણ ભગવાન છે, એ પણ સુખી થવાનો કામી છે પણ.. આહાહા ! પર્યાયમાં ભૂલને લઈને દુઃખી થાય છે. ભગવાન છે એ પણ પૂર્ણાનંદ ભગવાન છે. આહાહા ! ગમે તેવી વિપરીત પ્રરૂપણા કે શ્રદ્ધાવાળો હોય, પણ એના આત્મા પ્રત્યેનો પ્રેમ જાય નહિં, વિરોધ ન હોય. આહાહા ! ‘ સત્ત્વેષુ મૈત્રિ ’ બધા જીવો છે, વસ્તુ છે, જેવો પોતાનો ભગવાન છે એવા બધા ભગવાન આત્મા એના છે. આહાહા ! કોનો વિરોધ કરવો ? વસ્તુનો વિરોધ નથી, પર્યાયમાં ફેર હોય એનું સ્પષ્ટીકરણ કરે, ૩૬૩ પાખંડનું સ્પષ્ટીકરણ નથી કરતા, હેં ? ૩૬૩ પાખંડનું બાર અંગમાં વર્ણન કરે છે ૩૬૩ ભેદોનું વર્ણન ! કેટલાક મતોને તો અંદર દુઃખ લાગે એવું છે કે આ તો અમારું ખંડન કરે છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. આહા !

‘ સ્યાત્ ’ એટલે શું ? એમ કહે છે, ‘ કથંચિત્ ’ કોઈ પ્રકારથી કહેવું, આત્માને કોઈ પ્રકારે નિત્ય કહેવો, કોઈ પ્રકારે અનિત્ય કહેવો, કાયમ રહેવાની અપેક્ષાએ નિત્ય છે, પલટવાની અપેક્ષા અનિત્ય છે, એમ સ્યાત્ અપેક્ષાથી કહેવું. એમાં ધર્મ હોય એ ( અપેક્ષાથી ).

“ પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યા ”– પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યો વ્યાપક. “ તેનું કારણ અર્હંતના પરમાગમમાં સામાન્ય ધર્મો વચન ગોચર છે. ” સામાન્ય ધર્મો વચનથી કહેવાય છે કેટલાંક, ‘ સર્વ ધર્મોનાં નામ આવે છે ’ વચનગોચર અને વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે. તેમનું અનુમાન કરાવવામાં આવે છે. અનુમાન કરાવવામાં આવે છે એટલું કહીને. જેમ કે ભાઈ એક દ્રવ્યથી બીજું દ્રવ્ય નથી તો એવા અનંતા દ્રવ્યો છે, એને ભલે નજરે ન પડે. આ રીતે અનુમાન કરાવવામાં આવે છે. એ રીતે તે સર્વ વસ્તુના પ્રકાશક છે. વીતરાગની વાણી સર્વ વસ્તુની પ્રકાશક છે. આહાહા ! માટે સર્વવ્યાપી કહેવામાં આવે છે. એ વાણીને સર્વવ્યાપી કહેવામાં આવે છે. પૂરણ કહેનાર છે. સર્વવ્યાપી એટલે પૂરણ કહેનાર છે. આહાહા ! શ્રીમદ્‌માં આવે છે ને ‘ જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું ( જ્ઞાનમાં ) પણ કહી શક્યા નહિં તે પણ શ્રી ભગવાન જો ’ એ તો અપેક્ષિત વાત છે પણ અહીં તો સર્વવ્યાપી પૂરણ કહી શકે છે એમ કહે છે. છે ને ? સર્વવ્યાપી શબ્દ કહ્યો છે ને ? શબ્દબ્રહ્મ–બ્રહ્મ એટલે વ્યાપવું સર્વ–પૂરણને કહેનાર છે તેથી તેને શબ્દબ્રહ્મ કહેવાય છે લ્યો આ તો શબ્દબ્રહ્મની વ્યાખ્યા કરી.

વિશેષ કહેવાશે.